# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું
ક્રમાક:ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/ ૩૭૮૫/૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૦૨/૦૪/૨૦૨૫

સુરત શહેર ખાતે મેટ્રો રેલ બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અનુસંધાને GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED નાઓ દ્વારા પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર લોંચર એસેમ્બલ મુકવાની કામગીરી તથા GSS ની કામગીરી કરનાર હોય સદર કામગીરી દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર જાહેરનામા પ્રસિધ્ધ થયે તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર ઉપર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો તથા રૂટ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | પ્રતિબંધિત રૂટ | વૈકલ્પિક રૂટ |
|---|---|---|
| ૦૧ | પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ રહેશે. | (૧) કબુતર સર્કલ તરફ જવા માટે કંગારુ સર્કલ તરફથી પર્વત પાટીયા તરફ આવતા વાહનો ચિરાયુ હોસ્પીટલથી પર્વતગામ થઈ સરદાર વલ્લભભાઈ ચોક (સ્વીટ વોટર સર્કલ) થઈ કબુતર સર્કલ તરફ તથા ભાઠેના ફ્લાય ઓવરબ્રિજ તરફ જઈ શકશે. |
| | | (૨) પર્વત પાટિયાથી વાહનો આઇમાતા ચોક થઇ કબુતર સર્કલ જઈ શકશે. |
| | | (૩) પર્વત પાટીયાથી વાહનો આઈમાતા ચોક થઇ ઈન્ટરસીટી હોલ થઇ સમ્રાટ વિધાલય સુધી જઇ શકશે. |

## :: અપવાદ ::

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામુ પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૦૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
સુરત શહેર

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.